નોન મિશન શહેરો (મહાનગરપાલિકા/ નગરપાલિકા / સત્તામંડળો) માટે પે એન્ડ યુઝ ટોયલેટ યોજના માટે સહાયના ધોરણો, બાંધકામ અને નિભાવણી માટેની અધ્યતન જોગવાઈઓ નક્કી કરવા બાબત.

**ગુજરાત સરકાર**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**
**ક્રમાંક:પરચ/૧૦૨૦૧૩/SF-૧૧/ધ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૧૬ /03/ ૨૦૧૩**

*વંચાણે લીધા:-*

(૧) **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૮/૧૧/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક: અર્બન-૨૦૦૫-૯૬૭-અ.મિ.**
(૨) **શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૩૧/૩/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક: અર્બન/૨૦૦૫/૯૬૭/અ.મિ.**
(૩) **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્મણ વિભાગનો તા.૧૮/૧/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૧૦૧૦-SF-૮-ધ**

*પુર્વ ભુમિકા:-*

રાજય સરકારે શહેરી વિકાસ વર્ષ – ૨૦૦૫માં શહેરી વિસ્તારોમાં પે એન્ડ યુઝ ટોયલેટની યોજના અમલમાં મુકેલ અને આ વિભાગના ઉપર વંચાણે લીધામાં અનુક્રમ નં (૧) અને (૨) આગળ દર્શાવેલ ઠરાવો ધ્વારા યોજનાની જોગવાઇઓ નક્કી કરેલ હતી જેમાં દશ બેઠકોની ક્ષમતા ધરાવતા પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક માટે બેઠક દીઠ રૂ.૫૦,૦૦૦/-ની કોસ્ટ ગણી, ૧૦ સીટ (બેઠક)ના પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકની યુનિટ કોસ્ટ રૂ.૫,૦૦,૦૦૦/- ના ૮૦% મુજબ રૂ.૪,૦૦,૦૦૦/-ની સહાય મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને સત્તામંડળોને આપવાનું ધોરણ નક્કી કરેલ હતું.

ઉક્ત ધોરણો સુધારવા અંગે શહેરી સ્થાનિક સંસ્થાઓ તરફથી નોડલ એજન્સીને અવાર નવાર રજુઆતો મળેલ હતી, જેમાં ખાસ કરીને પે એન્ડ યુઝ

ટોયલેટ બ્લોકની યુનિટ કોસ્ટ પ્રવર્તમાન બજાર ભાવોને ધ્યાને રાખી નક્કી કરવા, સહાયની રકમ વધારવા તથા સ્થાનિક જરૂરીયાત મુજબ પે એન્ડ યુઝ ટોયલેટસ માટે સીટોની સંખ્યામાં વધઘટ માન્ય રાખવાની રજુઆતોનો સમાવેશ થાય છે.

નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ તેમજ સત્તામંડળ વિસ્તારોમાં (૧) સ્લમ વિસ્તારમાં (૨) કોમર્શીયલ વિસ્તારોમાં એમ બે વિસ્તારમાં બીલ્ટ, ઓપરેટ અને ટ્રાન્સફર (BOT) ધોરણે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બાંધવા તેને ૨૦ વર્ષ સુધી મરામત, નિભાવણી તથા સંચાલન કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓને (NGO) એમ્પેનલ કરવા તથા કામગીરી સોંપવા માટે આ વિભાગના ઉપર વંચાણે લીધામાં અનુક્રમ નં-૩ પરના ઠરાવથી સચિવશ્રી (હાઉસીંગ અને નિર્મળ ગુજરાત)ના અધ્યક્ષસ્થાને એક સમિતિની રચના કરવામાં આવેલ હતી.

ઉક્ત સમિતિની ભલામણો અન્વયે પે એન્ડ યુઝ ટોયલેટ યોજનાના અમલીકરણમાં નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા/ સત્તામંડળોને પડતી મુશ્કેલીઓ દુર કરવાની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી, જેમાં કાળજીપૂર્વક વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

ઠરાવ

પે એન્ડ યુઝ ટોયલેટ યોજના માટે સહાયના ધોરણો બાંધકામ અને નિભાવણી માટેની અધ્યતન જોગવાઈઓ બાબતે આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૧. **યુનિટ કોસ્ટ:-**

આ યોજનામાં માર્ગ અને મકાન વિભાગના બાંધકામને લગતા છેલ્લા પ્રસિધ્ધ એસ.ઓ.આર. મુજબ શૌચાલયના બાંધકામ માટે યુનિટ કોસ્ટ નકકી કરવામાં આવેલ છે જે નીચે કોઠામાં કોલમ -૩ મુજબ રહેશે.

૨. **સહાયનું ધોરણઃ-**

આ યોજનામાં નગરપાલિકા/ નોન મિશન મહાનગરપાલિકા / સત્તામંડળોની દરખાસ્તો મંજુર કરી શકાશે. નીચે કોઠામાં **નક્કી કર્યા** મુજબ શૌચાલયની બેઠકોના આધારે યુનિટ કોસ્ટ નક્કિ કરવામાં આવેલ છે જેની સામે ૭૦ % રાજય સહાય, ૨૦% નગરપાલિકા/ નોન મિશન મહાનગરપાલિકા / સત્તામંડળોનો ફાળો અને ૧૦% સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો રહેશે.

3. **સહાયની રકમઃ-**

આ યોજના હેઠળ નગરપાલિકા/ નોન મિશન મહાનગરપાલિકા / સત્તામંડળોને ચૂકવવાની રકમ નીચે આપેલ કોઠામાં કોલમ-૪ મુજબ રહેશે.

**3.(ક)જ્યાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉપલબ્ધ નથી.**

| ક્રમ | માન્ય પ્રકાર | વર્ષઃ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર મુજબ અંદાજીત ખર્ચ રૂા. | અંદાજીત ખર્ચ સામે મળવાપાત્ર ૭૦ ટકા રાજ્ય સહાય ૨૦ ટકા સ્વાયત સંસ્થાનો ફાળો અને ૧૦ ટકા સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો | | |
|---|---|---|---|---|---|
| | | | રાજ્ય સહાયની રકમ | નોન મિશન મહાનગરપાલિકા/ નગરપાલિકા / સત્તામંડળોનો ફાળાની રકમ | સ્વૈચ્છિક સંસ્થાનો ફાળાની રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૮ સીટ શૌચાલય + ૨ યુરીનલ બ્લોક | રૂ.૦૭.૯૦ લાખ | રૂ.૦૫.૫૦ લાખ | રૂ.૦૧.૬૦ લાખ | રૂ.૦૦.૮૦ લાખ |
| ૨ | ૧૦ સીટ શૌચાલય + ૪ યુરીનલ બ્લોક | રૂ.૦૮.૭૦ લાખ | રૂ.૦૬.૧૦ લાખ | રૂ.૦૧.૭૦ લાખ | રૂ.૦૦.૯૦ લાખ |
| 3 | ૧૪ સીટ શૌચાલય + ૪ યુરીનલ બ્લોક | રૂ.૧૦.૧૦ લાખ | રૂ. ૦૭.૧૦ લાખ | રૂ.૦૨.૦૦ લાખ | રૂ.૦૧.૦૦ લાખ |

૩. (ખ) જ્યાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા ઉપલબ્ધ છે

| ક્રમ | માન્ય પ્રકાર | વર્ષઃ૨૦૧૧-૧૨ના એસ.ઓ.આર મુજબ અંદાજીત ખર્ચ રૂા. | અંદાજીત ખર્ચ સામે મળવાપાત્ર ૭૦ ટકા રાજ્ય સહાય ૨૦ ટકા સ્વાયત સંસ્થાનો ફાળો અને ૧૦ ટકા સ્વૈચ્છિક સંસ્થાનો ફાળો | | |
|---|---|---|---|---|---|
| | | | રાજ્ય સહાયની રકમ | નોન મિશન મહાનગરપાલિકા/ નગરપાલિકા / સત્તામંડળોનો ફાળાની રકમ | સ્વૈચ્છિક સંસ્થાનો ફાળાની રકમ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૮ સીટ શૌચાલય + ૨ યુરીનલ બ્લોક | રૂ.૦૭.૦૦ લાખ | રૂ.૦૪.૯૦ લાખ | રૂ.૦૧.૪૦ લાખ | રૂ.૦૦.૭૦ લાખ |
| ૨ | ૧૦ સીટ શૌચાલય + ૪ યુરીનલ બ્લોક | રૂ.૦૭.૮૦ લાખ | રૂ.૦૫.૪૫ લાખ | રૂ.૦૧.૫૫ લાખ | રૂ.૦૦.૮૦ લાખ |
| ૩ | ૧૪ સીટ શૌચાલય + ૪ યુરીનલ બ્લોક | રૂ.૦૯.૨૦ લાખ | રૂ. ૦૬.૪૫ લાખ | રૂ.૦૧.૮૫ લાખ | રૂ.૦૦.૯૦ લાખ |

૩.(બ) નગરપાલિકા/ નોન મિશન મહાનગરપાલિકા / સત્તામંડળોએ તેમના હસ્તકની જમીન ઉપલબ્ધિ અને જરૂરિયાત પ્રમાણે શૌચાલયની સીટોમાં વધારો / ઘટાડો કરે તેવા સંજોગોમાં સહાયની રકમ નીચે મુજબ વધારો / ઘટાડો કરી શકશે.

૧) જ્યાં ભૂગર્ભ ગટર નથી તેવા કિસ્સામાં સીટ દીઠ રૂ. ૮૫૦૦૦/- અને જ્યાં ભૂગર્ભ ગટર છે તેવા કિસ્સામાં સીટ દીઠ રૂ. ૭૫૦૦૦/- વધારો /ઘટાડો કરી તેના પ્રમાણે અનુક્રમે સીટ દીઠ સરકારશ્રીનો ૭૦ ટકા મુજબની સહાય રૂ. ૬૦,૦૦૦-૦૦ / રૂ.૫૨,૦૦૦-૦૦ અનુક્રમે સહાયની વધ / ઘટ સાથે દરખાસ્ત કરી શકશે.

૪. **યોજનાની નોડલ એજન્સી :-**

આ યોજનાની તમામ કામગીરી માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ ગાંધીનગર, કામગીરી કરશે. આ યોજના

માટેની અંદાજપત્રીય જોગવાઈની રકમ સમયાંતરે બોર્ડના હવાલે મુકવામાં આવે છે તેમાંથી ખર્ચ કરી શકશે.

૫. **અન્ય જોગવાઈઓ :-**

૫.(૧) નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા / સત્તામંડળો વિસ્તારમાં સ્લમ વિસ્તાર અને કોમર્શિયલ વિસ્તાર માટે નવીન પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકને બાંધવા અંગે જરૂરી આધાર – પુરાવા જેવા કે ઓછામાં ઓછી ૩૫ થી ૪૦ ચો.મી. ઉપલબ્ધ જમીનની માલિકી, સ્થળ સ્થિતિનો નકશો, જાહેર સ્થળ ઉપર બાંધવાના હોય (કોર્મશિયલ વિસ્તાર / સ્લમ વિસ્તાર) તેની વિગત, સ્લમ વિસ્તારમાં બાંધવાના હોય, તો સ્લમ કુટુંબોની સંખ્યા, લાભ લેનાર રાહતદરના પાસ હેઠળના કુટુંબોની સંખ્યા તથા વપરાશકારોની કુલ અંદાજીત સંખ્યાની વિગતો સાથેની દરખાસ્ત, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને મોકલી આપવાની રહેશે.

૫.(૨) બોર્ડ ધ્વારા સદરહુ વિગતોની ચકાસણીના આધારે પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક માટે જરૂરિયાત મુજબની સીટ (શૌચાલયની બેઠક) સાથે મંજૂરી આપવાની રહેશે અને મંજુર કરેલ પે એન્ડ યુઝ ટોયલેટની સીટ (બેઠક) સંખ્યા તેમજ ભુગર્ભ ગટરની સુવિધાની ઉપલબ્ધી / અનુપલબ્ધીના આધારે કોઠામાં કોલમ નં ૪ મુજબ સહાય ચૂકવવાની રહેશે.

૫.(૩) પે એન્ડ યુઝ ટોયલેટ બાંધકામ અને ૨૦ વર્ષ સુધી તેની મરામત નિભાવણી માટે સંસ્થાઓને સ્થાનિક કક્ષાએથી કામની અનુભવી, નામાંકિત અને પ્રતિષ્ઠિત રજીસ્ટ્રર્ડ થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓની

પસંદગી કરી આ સાથેના પરિશિષ્ટ – અ મુજબ નિયત નમુનામાં કરારખત કરી, મહાનગરપાલિકા / નગરપાલિકા /સત્તામંડળે પોતેજ સંસ્થાની પસંદગી કરી શકશે.

૬. સ્વૈચ્છિક સંસ્થા ધ્વારા કામ શરૂ કરતાં પહેલાં ૨.૫ ટકા રકમ સિકયોરીટી ડીપોઝીટ તરીકે ડી.ડી / એફ.ડી.આર. સ્વરૂપે, મહાનગરપાલિકા / નગરપાલિકા / સત્તામંડળમાં પ્લેજ કરવાની રહેશે.

૭. સ્વૈચ્છિક સંસ્થા સાથે કરારખત કરતી વખતે કોઇપણ જાતનું એડવાન્સ પેમેન્ટ, નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા/ સત્તામંડળોએ, સ્વૈચ્છિક સંસ્થાને કરવાનું રહેશે નહી.

૮. પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બાંધવાની કામગીરી, સ્વૈચ્છિક સંસ્થાને સોપવાને બદલે નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા/ સત્તામંડળો ધ્વારા બાંધકામ કરવામાં આવે તો, નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા/ સત્તામંડળોએ નિયમાનુસાર પ્રક્રિયા કરી, ટોયલેટ બ્લોકનું બાંધકામ પૂર્ણ કરી, આઉટસોર્સીંગથી કે પોતાના સફાઇ કામદારો મારફતે સંચાલન અને નિભાવણી કરવાની રહેશે.

૯. કોમર્શીયલ વિસ્તારમાં બનાવવામાં આવતાં શૌચાલય બ્લોક માટે કોઇપણ પ્રકારનું મેઇન્ટેનન્સ ખર્ચ સરકારશ્રી ધ્વારા ચૂકવવામાં આવશે નહી. પરંતુ સ્લમ વિસ્તારમા આવેલ શૌચાલયોના મરામત અને નિભાવણી માટે નોન મિશન મહાનગરપાલિકા / નગરપાલિકા/ સત્તામંડળોઓ પાસેથી જરૂરી આધાર પુરાવાસહ દરખાસ્ત રજુ થયેથી, ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા પ્રવર્તમાન ધોરણે નિભાવણી માટે સહાય ચૂકવવામાં આવશે.

૧૦. પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકમાં, બાથરૂમની સુવિધા જરૂરી હોય તો ટોયલેટ બેઠકમાં ઘટાડો કરી, જરૂરીયાત મુજબ મહિલા / પુરૂષ માટેના બાથરૂમની સુવિધા કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નિર્મળ શહેર યોજનાની ગ્રાંટમાંથી માંગણી ક્રમાંક ૧૦૨ અને માંગણી ક્રમાંક ૯૫ હેઠળ નીચે મુજબ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | ૧૦૨ |
| મુખ્ય સદર | ૨૨૧૭ – શહેરી વિકાસ |
| પેટા મુખ્ય સદર | 03 – નાના અને મધ્યમ નગરોનો સંકલીત વિકસ |
| ગૌણ સદર | ૧૯૧ – સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વગેરેને સહાય |
| પેટા સદર | ૪૬ – યુ.ડી.પી. – ૦૫ નિર્મળ શહેર |
| હેતુ સદર | ૩૧૩૩ – સહાયક અનુદાન (ખ) સ્થાનિક સંસ્થાઓને સહાયક અનુદાન |
| ચાર્જેબલ હેડ | ૨૨૧૭ 03 ૧૯૧ ૪૬ |
| કોમ્પ્યુટર કોડ નંબર | ૧૧૭૩૧૪ |
| | |
| માંગણી ક્રમાંક | ૯૫ |
| મુખ્ય સદર | ૨૨૧૭ – શહેરી વિકાસ |
| પેટા મુખ્ય સદર | 03 – નાના અને મધ્યમ નગરોનો સંકલીત વિકસ |
| ગૌણ સદર | ૧૯૧ – સ્થાનિક સંસ્થાઓ, નિગમો, શહેરી વિકાસ તંત્રો, નગર સુધારણા બોર્ડ વગેરેને સહાય |
| પેટા સદર | ૦૫ – યુ.ડી.પી. – ૦૫ નિર્મળ શહેર |
| હેતુ સદર | ૩૧૩૩ – સહાયક અનુદાન (ખ) સ્થાનિક સંસ્થાઓને સહાયક અનુદાન |
| ચાર્જેબલ હેડ | ૨૨૧૭ 03 ૧૯૧ ૦૫ |
| કોમ્પ્યુટર કોડ નંબર | ૧૩૭૩૧૪ |

(એચ. કે. ઠાકર)
ઉપ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

નકલ રવાના:-

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના ઉપ સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
- સર્વે અ.મુ.સચિવશ્રી, અગ્ર સચિવશ્રી સચિવશ્રી, સર્વે વિભાગો, સચિવાલય ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સર્વે શાખાઓ, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ, સર્વે મહાનગરપાલિકાઓ
- નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર ગાંધીનગર (સર્વે નગરપાલિકાઓને પરિપત્રીત કરવાની વિનંતી સહ)
- પ્રદેશિક નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત સરકાર રાજકોટ.
- અધિક મુખ્ય કારોબારી અધિકારીશ્રી,ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મીશન, ગાધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ, / અમદાવાદ.
- ટ્રેઝરી ઓફિસરશ્રી,ગાંધીનગર ટ્રેઝરી, ગાંધીનગર.
- રોકડ શાખા, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- શાખા સીલેક્ટ ફાઈલ.

# પરિશિષ્ટ – અ

## સમજુતિ કરારખત

-------------------- ખાતે આવેલ પે એન્ડ યુઝ શૌચાલયના બાંધકામ, નિભાવ અને જાળવણીનો કરાર.

આ કરાર તારીખ.................ના રોજ ( શહેરી સ્થાનિક સંસ્થાનું નામ ............ ..........જેને હવે પછી એક તરફવાળા તરીકે ઓળખવામાં આવશે.) અને (સ્વૈચ્છિક સંસ્થાનું નામજે નોંધણી નંબર..........................થી સોસાયટી નોંધણી અધિનિયમ હેઠળ નોંધવામાં આવેલ છે, જેની હેડ ઓફીસ ......................................ખાતે બ્રાન્ચ ઓફીસ..................ખાતે આવેલ છે અને જેને હવે પછી બીજી તરફવાળા તરીકે ઓળખવામાં આવશે) તેમની વચ્ચે કરવામાં આવે છે. એક તરફવાળા અને બીજી તરફવાળા શબ્દોના અર્થઘટનમાં આ કરારમાં જયાં પણ તે વાપરવામાં આવેલ છે તે જયાં સુધી તે સંદર્ભથી વિરૂધ્ધ ન હોય ત્યાં સુધી તેઓના સબંધિત વારસો અને એસાઇનીઓનો તેમાં સમાવેશ થાય છે.

જત બીજી તરફવાળા જે જાહેર કલ્યાણ સેવાઓને સમર્પિત સ્વૈચ્છિક સામાજિક સંસ્થા છે તેણે જુદા જુદા જાહેર શૌચાલયોની (જેમાં જાજરૂ, પેશાબખાના અને સ્નાનગૃહનો સમાવેશ થાય છે) ડીઝાઇન તૈયાર કરી, બાંધકામ કરે છે અને તેની જાળવણી કરે છે.

જત એક તરફવાળાએ નગરોમાં જાહેર શૌચાલય સાથે સ્નાનગૃહ અને પેશાબખાનાઓનું બાંધકામ જાહેર જનતાની સગવડ માટે કરવાનું નકકી કરેલ છે. અને

તેના માટે તેણે બીજી તરફવાળાને તેનું બાંધકામ કરવાનું ચલાવવાનું અને જાળવણી કરવાનું કહેલ છે.

બીજી તરફવાળાએ એક તરફવાળાના કહેવાથી ઉપર મુજબના તથા હવે પછીના *અનુબંધોમાં દર્શાવેલ* જાહેર શૌચાલયોનું બાંધકામ કરવા માટે, ચલાવવા માટે અને જાળવણી કરવા માટે સંમતિ આપેલ છે.

આ કરારના પક્ષકારોની તેવી ઇચ્છા છે અને ઉપરના કામ માટે કરારના સ્વરૂપમાં શરતો અને બોલીઓ નકકી કરવાનું તેઓને જરૂરી અને આવશ્યક લાગેલ છે, અને એક તરફવાળાએ તે હેતુ માટે કાયદા અને નિયમો મુજબ યોગ્ય સત્તાધિકારીની જરૂરી પરવાનગી મેળવેલ છે.

હવે આ કરારથી આ કરારના પક્ષકારો વચ્ચે નીચે મુજબ કરાર કરવામાં આવે છે.

૧. બીજી તરફવાળા, એક તરફવાળા વતી, નીચેની વિગત મુજબના......................શહેરી સ્થાનિક સંસ્થા ખાતે પાણીના ફલશવાળા જાજરૂ, સ્નાનગૃહ અને પેશાબખાના સાથેના જાહેર પે એન્ડ યુઝ શૌચાલય કોમ્પલેક્ષનું ભૂગર્ભ ગટરની સુવિધામાં જોડાણ સાથેનું / ભૂગર્ભ ગટરની સુવિધા ના હોય તેવા વિસ્તારમાં શોષખાડા, સેપ્ટીક ટેન્ક વિ. જરૂરી આનુષાંગિક વ્યવસ્થા સાથેનું બાંધકામ કરી નિભાવણી કરશે.

| ક્રમ નંબર | જગ્યાનું નામ (વોર્ડ નંબર સહિત) | જાજરૂની સંખ્યા પુ. સ્ત્રી | સ્નાનગૃહની સંખ્યા પુ. સ્ત્રી | પેશાબખાનાની સંખ્યા |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |

૨. શૌચાલયની દરેક જગ્યાએ, જો બંને પક્ષકારોની પરસ્પર સમજુતિ હોય તો બીજી તરફવાળા શૌચાલયને ચલાવવા અને તેની જાળવણી કરવા માટે જરૂરી યોગ્ય માપવાળા સ્ટોરરૂમ અને ડ્રેસીંગ રૂમનું બાંધકામ મંજુર ખર્ચની રકમની મર્યાદામાં કરશે, અને એક તરફવાળા ઇચ્છે તે જગ્યાઓએ શૌચાલયોના વપરાશકર્તાની સગવડ માટે કલોકરૂમ અને / અથવા ખાસ જાજરૂઓનું બાંધકામ કરશે.

૩. પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકમાં બાથરૂમની સુવિધા જરૂરી હોય તો સીટ (બેઠક) માં ઘટાડો કરી, જરૂરીયાત મુજબ મહિલા / પુરૂષ માટેના બાથરૂમની સુવિધા કરવાની રહેશે.

૪. એક તરફવાળા જે જગ્યાએ શૌચાલયનું બાંધકામ કરવાનું છે તેની વિગત બીજી તરફવાળાને પૂરી પાડી, બીજી તરફવાળા જે જગ્યાએ સદરહુ શૌચાલય બનાવવાના છે તેની રૂપરેખા, અંદાજીત ખર્ચ વિગેરે એક તરફવાળા પાસે મંજુર કરાવશે. આવી મંજુરી પછી દિન-૩માં સદરહુ જગ્યાએ બીજી તરફવાળાએ શૌચાલય બાંધકામ શરૂ કરી વધુમાં વધુ છ માસમાં કામ પૂર્ણ કરવાનું રહેશે.

૫. આથી તેવો વધુ કરાર કરવામાં આવે છે કે જો કોઇ કિસ્સામાં કુદરતી આપત્તિ અથવા બીજી તરફવાળાના કાબુ બહારના કારણોથી ઉપરના પેરેગ્રાફ ૪ માં નકકી કરેલ સમયમર્યાદામાં કામ પુર્ણ ન કરી શકાય તો એક તરફવાળા પરસ્પર સમજુતિથી બીજી તરફવાળા પાસેથી દરખાસ્ત મેળવી કામ પુર્ણ કરવાની સમયમર્યાદા યોગ્ય રીતે વધારી શકશે.

૬. આથી તેવી સમજુતિ કરવામાં આવે છે કે શૌચાલયો જેના માટેની રૂપરેખા, માપદંડો, અંદાજીત ખર્ચ એક તરફવાળાએ મંજુર કરેલ છે તેની રૂપરેખા અને માપદંડોમાં કોઇ પણ ફેરફાર બન્ને પક્ષકારોની પરસ્પર સમજુતિથી થઇ શકશે. જો કોઇ પણ શૌચાલયમાં કોઇ વધારાનું બાંધકામ જરૂરી બને તો સુચના મુજબ તે બીજી તરફવાળાએ કરવાનું રહેશે. રૂપરેખા અને માપદંડોમાં ફેરફારના લીધે અને વધારાના કામ અથવા કામો માટેની ચૂકવણી તેમજ શ્રમ અને સાધનોની ચુકવણી એક તરફવાળાએ બીજી તરફવાળાને પી. ડબલ્યુ. મેન્યુઅલ મુજબ પ્રવર્તમાન ધારાધોરણ મુજબ કરવાની રહેશે.

૭. બીજી તરફવાળા સાથે આ કરારખત કરતી વખતે કોઇપણ જાતનું એડવાન્સ પેમેન્ટ એક તરફવાળાએ બીજી તરફવાળાને કરવાનું નથી અને શૌચાલયના બાંધકામ પેટે તબકકાવાર નીચે મુજબની વિગતે ચુકવણું બીજી તરફવાળાને કરવાનું રહેશે.

અ) ટોયલેટ બ્લોકનું પ્લીન્થ લેવલે કામ પુર્ણ થયે અંદાજીત કિંમતના ૨૫ ટકા રકમ,

બ) સ્લેબ લેવલ સુધી બાંધકામ પૂર્ણ થઇ જાય પછી ૨૫ ટકા રકમ, ક) પ્લમ્બીંગ, સેનેટરી, બારી – દરવાજા, પ્લાસ્ટર, કલરકામ વિગેરે પૂર્ણ થયે ૨૫ ટકા રકમ,

ડ) પ્લાન અને એસ્ટીમેટ મુજબનું કામ સંપૂર્ણ પુર્ણ થયે અને શૌચાલયનો વપરાશ શરૂ થયેથી બાકીના ૨૫ ટકા રકમનું પેમેન્ટ કરવાનું રહેશે.

૮. બીજી તરફવાળા તરફથી રજુ થયેલ કામના દરેક રનીંગ બીલમાંથી, ૨.૫ % રકમ સિકયોરીટી ડીપોઝીટ તરીકે, કામની કુલ રકમના ૧૦ ટકા જેટલી રકમ, કપાત કરવામાં આવશે. કામ શરૂ કરતા પહેલા ભરપાઇ કરેલ સિકયોરીટી ડીપોઝીટ તથા રનીંગ બીલમાંથી ઉપર મુજબ મુજબ કપાત કરેલ સિકયોરીટી ડીપોઝીટ, ટોયલેટ બ્લોકનું કામ સંતોષકારક રીતે પૂર્ણ થયે અને વપરાશ શરૂ થયા બાદ એક તરફવાળાએ છુટી કરવાની રહેશે.

૯. બીજી તરફવાળાએ સમયમર્યાદામાં ટોયલેટ બ્લોકનું કામ પૂર્ણ કરવાનું રહેશે. પરંતુ વ્યાજબી કારણોસર કામની સમયમર્યાદા વધારી આપવાનું વિચારી શકાશે. કામમાં જો ગેરવ્યાજબી રીતે વિલંબ કરવામાં આવશે તો, પી.ડબલ્યુ. મેન્યુઅલ મુજબના ટેન્ડર કલોઝ મુજબ બાકી રહેતા કામની રકમના ૦.૧૦ ટકા હિસાબે પ્રતિદિન પેનલ્ટી વસુલ કરવાની રહેશે આવી પેનલ્ટીની રકમ વધુમાં વધુ કામની અંદાજીત રકમના ૧૦ ટકા રકમ જેટલી રહેશે..

૧૦. જો બીજી તરફવાળા ઉપરના પેરેગ્રાફ-૧ માં વર્ણવ્યા મુજબનું કામ પેરેગ્રાફ-૪ મુજબની સમયમર્યાદામાં પુર્ણ કરવામાં નિષ્ફળ જાય તો આ કરાર હેઠળ કરવાની કામગીરી પેટેની સીક્યુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તથા બાકી રહેતી કામગીરી એક તરફવાળા બીજી તરફવાળાના ખર્ચે અને જોખમે પૂર્ણ કરાવી શકશે અને આવી કામગીરી પેટે થનાર ખર્ચની વસુલાત બીજી તરફવાળા પાસેથી કરી શકશે.

૧૧. આ કરારમાં નકકી કરવામાં આવેલ શૌચાલયોના બાંધકામ, કામ પુર્ણ કરવા,તે ચલાવવા અને તેની જાળવણી કરવામાં એક તરફવાળા બીજી તરફવાળાને જરૂરી સહકાર, મદદ અને સવલતો પુરી પાડશે.

૧૨. બાંધકામ કરેલ શૌચાલયો અંગેના બધા હકકો અથવા હિત અથવા માલિકી એક તરફવાળાની રહેશે

૧૩. બીજી તરફવાળા દરેક શૌચાલયો શરૂ થયાના ૨૦ વર્ષના સમય માટે શૌચાલયોની નિયમિત સફાઇ કરાવશે, અને જરૂર જણાયે તેનું રીપેરીંગ / મરામત કરાવશે. તથા જાહેર સ્વાસ્થ્યના માપદંડોની જાળવણી કરશે અને તેના પોતાના ખર્ચે જરૂરી જંતુનાશક દવાઓનો ઉપયોગ કરશે.

૧૪. બીજી તરફવાળા બાર વર્ષથી નીચેના બાળકો અને શારીરીક ખોડખાંપણવાળા વ્યકિત અને સ્લમ વિસ્તારના કુટુંબો સિવાયના શૌચાલય / બાથરૂમનો ઉપયોગ કરતા દરેક વ્યકિત પાસેથી વપરાશ બદલ નીચેની વિગતે યુઝર્સ ચાર્જીસ લાભાર્થીઓ પાસેથી વસુલ કરી શકશે.

<u>પ્રતિદિન એક વખત</u>

૧. યુરીનલ માટે નિ:શુલ્ક
૨. લેટ્રીન/સંડાસ / શૌચાલય વપરાશ માટે ₹. ૨ (બે) ઉપયોગ દીઠ
૨. અ લેટ્રીન/સંડાસ / શૌચાલયના વપરાશ માટે મહિલા માટે ₹. ૧ (એક) ઉપયોગ દીઠ
૩. સ્નાન માટે ₹. ૩ (ત્રણ)

<u>સ્લમ વિસ્તારમાં માસિક કુટુંબપાસ યોજના હેઠળના દરો:-</u>

૧. લેટ્રીન માટે માસિક કુટુંબદીઠ ₹. ૧૫ (પંદર)
૨. સ્નાન માટે માસિક કુટુંબદીઠ ₹. ૨૦ (વીસ)

૧૫. ઉકત દરોમાં બીજી સેવાઓ અને કામો માટેના જાળવણી દરોની ભલામણોને નજર સમક્ષ રાખીને વખતોવખત વધારો કરવાનો રહેશે. બીજી તરફવાળાએ કોઇ પણ વધારાના દર વગર દરેક વપરાશ કરનારને હાથ ધોવા માટે એક ચમચી જેટલો સાબુનો પાવડર આપવાનો રહેશે.

૧૬. બીજી તરફવાળાએ જગ્યાની ઉપલબ્ધી મુજબ વૃક્ષો અને રોપાઓ વાવવાના રહેશે અને કુદરતી સૌંદર્ય માટે તેની જાળવણી કરવાની રહેશે.

૧૭. ઉપરોકત શૌચાલયોના બાંધકામ તથા તેની નિભાવણી અને જાળવણી માટે દરેક શૌચાલયમાં યોગ્ય દબાણથી પાણીના પુરતા જથ્થાની અને વિજળીની

ઉપલબ્ધિ એક તરફવાળાએ કરવાની રહેશે અને બીજી તરફવાળાએ એ અંગેના જરૂરી યુઝર્સ ચાર્જીસ ચુકવવાના રહેશે.

૧૮. બીજી તરફવાળાએ વપરાશકર્તાઓની સરળતા માટેના નીતિનિયમો સૂચવતા સાઇનબોર્ડ દરેક શૌચાલય ઉપર વપરાશકર્તા વાંચી શકે તેવી જગ્યાએ મુકવાના અને જાળવવાના રહેશે.

૧૯. સદરહુ શૌચાલયની નિયમિત સફાઇ, જાળવણી અને રીપેરીંગમાં બીજી તરફવાળાના ભાગે કોઇ પણ નિષ્કાળજી અથવા બેદરકારી જણાશે તો એક તરફવાળાના જણાવ્યા મુજબ આ કરારની શરતો અને બોલીઓ મુજબ તેમાં જરૂરી સુધારા કરવા માટે બીજી તરફવાળાને કારણદર્શક નોટિસ આપી અને વ્યાજબી તક આપ્યા પછી આ કરાર રદ કરવા એક તરફવાળા હકકદાર રહેશે.

૨૦. સદરહુ શૌચાલયના બાંધકામ, તેને ચલાવવા અને જાળવણી કરવાના સમયગાળા દરમ્યાન એક તરફવાળાને સદરહુ શૌચાલયોની ચકાસણી કરવાનો હકક રહેશે. અને આ કરારને સુસંગત જરૂરી જણાય તેવા હુકમો અને સુચનાઓ બીજી તરફવાળાને આપી શકશે. બીજી તરફવાળાએ તેવા હુકમોનું પાલન થાય તેની ખાત્રી આપવાની રહેશે.

૨૧. બીજી તરફવાળા તેને આ કરાર હેઠળ આપવામાં આવેલ હકકો કોઇ પણ વખતે કોઇ બીજા પક્ષકાર અથવા પક્ષકારોને એક તરફવાળાની લેખિત પરવાનગી વગર તબદીલ કરી શકશે નહીં.

૨૨. આ કામગીરી અંગે કોઇ પણ વ્યકિતઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓથી ઉભી થતી દરેક જોખમના કિસ્સામાં એક તરફવાળા બીજી તરફવાળાને જરૂરી રક્ષણ આપશે.

૨૩. જો આ કરારને લગતો કોઇ વિવાદ, મતભેદ અથવા પ્રશ્ન બંને પક્ષકારો વચ્ચે વણઉકેલ્યો રહે તો તે બાબત પરસ્પર, સમજુતિથી નકકી કરેલ લવાદને સોંપવામાં આવશે. જેનો નિર્ણય આખરી અને બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે.

આ કરાર બંને પક્ષકારોએ નીચે મુજબના સાક્ષીઓની હાજરીમાં .................... તારીખે સહીઓ કરી છે.

સાક્ષીની સહી

..............................

૧.

૨.

એક તરફવાળાની સહી

.......................................

બીજી તરફવાળાની સહી

.......................................